ગાંધીનગર મને ગમે છે...

પ્રવીણ શ્રીમાળી (શીલજ)
નિવૃત્ત નાયબ નિયામક
સમાજ કલ્યાણ-ગાંધીનગર

૧૯૭૨માં જયારે સૌ પ્રથમવાર ગાંધીનગર આવવાનું થયુ તે વખતે મારા મોટાભાઈ માહિતી ખાતામાં નોકરી કરતા હતા. એસ.ટી.બસમાં બેસીને પ્રથમવાર જુના સચિવાલય સામે બહુ મોટો ટેકરો હતો. ત્યાં અમે ઉતરેલા ત્યાંથી સેકટર-૨૧માં મોટાભાઈને ત્યાં ગયેલા એ વખતે જુના સચિવાલયથી સેકટર-૨૧ની વચ્ચે ખુલ્લુ મેદાન. બપોરના સમયે એકદમ સુમસામ વિસ્તાર, માત્ર કર્મચારીઓ સિવાય કોઇ ચહલ પહલ જોવા મળે નહિ.

૧૯૭૩માં એસ.એસ.સી.ની પરીક્ષા પછી એ વખતે પી.ડબલ્યુ.ડી. ધ્વારા રોડ બનાવવાનું પુરજોશમાં ચાલે ત્યારે હું વર્કચાર્જ કારકુન તરીકે જોડાયેલો. મને તે વખતની સ્મૃતિ કાયમ રહી છે કે ગાંધીનગર પથિકાશ્રમથી વાવોલ રોડ બનાવવાનું ચાલતુ હતુ તેના વર્કચાર્જ સુપરવાઇઝર તરીકે મેં કામગીરી કરી હતી. સેકટર-૨૨માં પંચદેવ મંદિર ત્યાં દરરોજ રાત્રે ભજન-કિર્તન થાય. જેમાં હું ભજન ગાવા જતો એનો આનંદ અનોખો રહેતો.

સ્નાતક થયા પછી સરકારી નોકરી તો મળી ગઇ. પરંતુ બીજા જીલ્લામાં જવાનું થયુ. છેવટે મારી મનોકામના પુરી થઇ અને ૧૯૯૦માં જોગાનુજોગ ગાંધીનગર બદલી થઇ ગઇ ત્યારે ખરેખર અનહદ આનંદ થયો.

મને વાંચવા લખવાનો શોખ. ૧૯૯૦માં ગાંધીનગર સ્થાઇ થયો ત્યારે પાટનગરની રોજબરોજની ગતિવિધિઓ માટે સમાચારનું એકમાત્ર માધ્યમ પાટનગરનું ''ગાંધીનગર સમાચાર' બંધાવેલુ. આ સમાચાર પત્રમાં મારા લેખો / મંતવ્યો આપવા માટે અઠવાડિયામાં એકવાર તો ગાંધીનગર સમાચારના કાર્યલાયમાં જતો ત્યારે ખરેખર ગાંધીનગરનું પોતિકુ અખબારનો અહેસાસ થતો. અહિંયા ગુજરાતના લગભગ તમામ જિલ્લાઓના પરિવારો જોવા મળે છે. દરેકની રિતભાત, બોલીઓનો પરિચય થાય છે. આબોહવા ખુશનુમા, નહીં ઘોંઘાટ કે નહીં પ્રદુષણ. સાહિત્યપ્રેમી અને લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકારો આ નગરમાં વસે છે. સાહિત્ય પ્રત્યેની ઋચિ હોવાથી અહીં યોજાતા સાહિત્યના કાર્યક્રમો માંણવાની મજા કંઇ ઓર જ છે. ગાંધીનગર સાહિત્ય સભા, સાહિત્ય સંગમ, ગૂર્જર ભારતી, દલિત સાહિત્ય વિમર્ષ અને અન્ય નવી ઉમેરાયેલી સાહિત્યની રસલ્હાણ કરાવતી સંસ્થાઓ આ નગરને સાહિત્ય જગતની આગવી ઓળખ આપી રહી છે. સાંસ્કૃતિક કાર્યક્રમો માટે પણ ગાંધીનગર કલ્ચરલ ફોરમ, શિવરંજની, સંસ્કૃતિ, થનગનાટ જેવી મનોરંજન કરાવતી સંસ્થાઓ આવા આબાલવૃદ્ધ સૌ કોઇને વૈવિધ્યસભર કાર્યક્રમો આપતી રહી છે.

ગાંધીનગરના બાળકોને પ્રાણી સંગ્રાહલયની મોજ માણવા અમદાવાદ જવુ પડતુ હતુ તે કમી પણ દુર થઇ અને ગીર ફાઉન્ડેશન ઇન્દ્રોડા પાર્ક બાળકોના કિલ્લોલથી ગુંજી રહયુ છે. તો સાબરમતી નદીના કિનારે સરિતા ઉધાનની બાજુમાં સંસ્કૃતિ કૂંજમાં ઉજવાતો વસંતોત્સવમાં ભારતના અલગ અલગ રાજયોના લોક નૃત્યો માંણવા માટે હૈયેહૈયુ દબાય એટલુ માનવ મહેરામણ ઉમટી પડે છે. મહાત્મા મંદિરે આ નગરની ઓળખમાં ઓર વધારો કર્યો છે. વિધાનસભા સામે ડાં.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાથી મહાત્મા મંદિર સુધીનો લીલોછમ હરિયાળો સેન્ટ્રલ પાર્ક આગવુ આકર્ષણ જગાવે છે. બસ આ બધુ વર્ણવતા ચોકકસ કહેવાનું મન થાય કે રહેવુ તો ગાંધીનગરમાં જ કારણ કે ગાંધીનગર મને બહુ ગમે છે. મારી જન્મભૂમિની જેમજ.....

આજે શહેરમાં રંગ-ઉમંગની છોળો ઉડશે

ધૂળેટીની ઉજવણીમાં 'જલ એજ જીવન'ને ધ્યાનમાં રાખી પાણીનો વ્યય ન થાય તેની કાળજી રાખવી : ઢોલ, નગારા અને ડીજેના સંગીતમાં ધૂળેટીની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં રંગોનું અનેરૂ પર્વ ધૂળેટીની રંગારંગ ઉજવણીઓ કરવામાં આવશે. શહેરીજનો સવારથી સૌ કોઈ નાના મોટા

એકબીજા પર અબિલ, ગુલાલ તેમજ કેસુડાના રંગો છાંટી પોતાનો ઉત્સાહ અને આનંદ વ્યક્ત કરે છે. ગાંધીનગરમાં ધૂળેટીની ઉજવણી કરવા માટે રાહ જોવાઈ રહી હતી. આ રંગોનું પર્વ દરેકના જીવનમાં આનંદ અને ઉમંગ લાવે તેવી સૌને શુભકામનાઓ...

લાલ, પીળો, લીલો, રાતો, વાદળી, નારંગી વિગેરે મેઘધનુષરૂપી આ રંગો દ્વારા શહેરીજનો ધૂળેટીની ઉજવણી કરે છે. શહેરની વિવિધ સોસાયટીઓ અને સેક્ટરોના ચોકમાં ભેગા થઈને શહેરીજનો ધૂળેટી પર્વની ઉજવણી કરે છે. ધૂળેટીના ગીતો ગવાતા હોય છે. સંગીતના વિવિધ કાર્યક્રમોના આયોજન કરવામાં આવે છે. ઢોલ-નગારા અને ડીજેના તાલે આખુ શહેર ધૂળેટીના પર્વમાં જુમી ઉઠે છે.

''હોલી કે દિન દિલ ખિલ જાતે હૈ,
રંગો મેં રંગ મિલ જાતે હૈ...'
ગિલે શિકવે ભૂલ કે દોસ્તો
દુશ્મન ભી ગલે મિલ જાતે હૈ''

શહેરીજનોને આ વર્ષે અપીલ કરવામાં આવી છે કે પાણીથી ધૂળેટી રમવી નહી. પાણીનો વ્યય અટકાવવો. માત્ર કલર અને કેસુડાના રંગોથી ધૂળેટીની ઉજવણી કરવામાં આવે તો પાણીનો વ્યય થતો અટકાવી શકાશે.

છેલ્લા બે વર્ષથી કોરોનાના લીધે રંગોના આ તહેવારની ઉજવણી ફીક્કી પડી ગઈ હતી. આ વર્ષે અબાલ-વૃદ્ધ સહિતના સહુ કોઈ એકમેકને પોતાના રંગમાં રંગવા માટે થનગની રહ્યા છે. જોકે કેટલાક વર્ષોથી ધૂળેટીના તહેવારમાં કેસુડા, અબીલ, ગુલાલની જગ્યાએ કેમિકલયુક્ત હાનીકારક રંગોથી રમાય છે. જે માણસોને ચામડીમાં બળતરા, વાળમાં નુકસાન, આંખોને નુકસાન અને અન્ય શારિરીક તકલીફો થાય છે. આટલુ જ નહી આવા રંગો માનવી ઉપરાંત પશુ, પક્ષીઓ, વૃક્ષો અને સમગ્ર વાતાવરણને નુકસાન પહોંચાડે છે. જેની અસર ધૂળેટી પછી પણ ઘણા દિવસો સુધી રહે છે. જેથી આ નુકશાનીથી બચવા અને ધૂળેટીનો તહેવાર રંગોથી જ મનાવવામાં આવે તેવી જાગૃત નાગરિકોની અપીલ છે.

નાના-નાના ભુલકાઓમાં હોળી રમવાનો ઉત્સાહ સૌથી વધારે હોય છે. રંગબેરંગી પીચકારીઓ લઈને સવારથી સાંજ આખો દિવસ ધૂળેટીની ઉજવણીમાં મિત્રો સાથે વ્યસ્ત બની જતા હોય છે.

ધૂળેટી રમીને શહેરીજનો ઠંડાઈની મજા માણવા અને સાથે સાથે ઠંડા પીણા, શેરડીનો રસ, આઈસક્રીમ, કુલ્ફી વિગેરેની મજા માણીને ઉત્સાહપૂર્વક આ વર્ષે ધૂળેટીની ઉજવણી કરવામાં આવશે.

કેસુડા વગર અધુરી હોળી-ધૂળેટી

કેસુડાના રંગબેરંગી ફૂલો વગર ધૂળેટી અધૂરી છે. આદિકાળથી પ્રાકૃતિક રંગો સાથે હોળીની ઉજવણી થતી આવી છે. આ પરંપરાને આજે પણ અંતરિયાળ ગામોમાં રહેતા આદિવાસી પરિવારો નિભાવી રહ્યા છે. આદિવાસી સમાજના પૂર્વજોએ દરેક વનસ્પતિના ઔષધિય ઉપયોગને જાણીને તેને ધર્મ સાથે વણી લીધા હતા જેથી સમાજમાં દરેકનું આરોગ્ય સારૂ રહે. કેસુડાના ફૂલને સુકવીને આખી રાત પલાળી રાખ્યા બાદ તેનો પાવડર પાણી સાથે ભેળવી છાંટવાથી ત્વચાનું આરોગ્ય બળબળતા તાપમાં પણ જળવાઈ રહે તેવા ઔષધિય ગુણો તેમાં રહેલા છે. ઉનાળામાં થતાં ચામડીના રોગો પણ તેના પરિણામે દૂર રહે છે.

કડી કેમ્પસના "સિરાજ-૨૦૨૨"માં પાર્થિવ ગોહિલે યુવાનોને મોજ કરાવી

ગુજરાતી સિનેજગતના ગૌરવ પાશવાલા, દીક્ષા જોષી, ઈશાની દવે, મૌલિક ચૌહાણ, જોલી રાઠોડ, અભિલાષ ઘોડા ઉપરાંત ફિટનેસ કોચ સપના વ્યાસે હાજરી આપી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના કડી કેમ્પસની એસ.કે.પટેલ

ઈન્સ્ટિટ્યૂટના વાર્ષિક કાર્યક્રમ "સિરાજ-૨૦૨૨"માં લોકપ્રિય ગુજરાતી ગાયક કલાકાર પાર્થિવ ગોહિલ, ફિટનેસ કોચ સપના વ્યાસ તેમજ ગુજરાતી ફિલ્મના અભિનેતાઓ જેવા કે ગૌરવ પાશવાલા, દીક્ષા જોષી, ઈશાની દવે, મૌલિક ચૌહાણ, જોલી રાઠોડ અને અભિલાષ ઘોડા વગેરેએ હાજરી આપી યુવાનોને રોમાંચિત કર્યા હતા. કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલે ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતું.

એસ.કે.પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ કડી સર્વ વિશ્વવિદ્યાલય, એમસીએ કોલેજ છે. ગાંધીનગર સ્થિત આ કોલેજ સાલ ૧૯૯૮થી કાર્યરત છે. દર વર્ષે

એ ગુજરાતની સૌપ્રથમ સેલ્ફ ફાયનાન્સ એમબીએ અને યોજાતી એકેડેમિક કમ કલ્ચરલ ઈવેન્ટ "સિરાજ" એ ૨૦૦૩થી કોલેજનો મુખ્ય કાર્યક્રમ છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવાની આ કટિબદ્ધતાને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૮૦થી વધારે કોલેજોમાંથી ૨ હજારથી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના સમાપને ડીન ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ ડૉ.ભાવિન પંડ્યાએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે "નિષ્ફળતા એ જીવનનો એક ભાગ છે, તમારા સપનાઓને જીવો અને સખત મહેનત કરો સફળતા જરૂર મળશે"



જમીન સુધારણ માટે કાર્યરત ભારત કૃષિકેરનું આર્મી વેલ્ફેર ફંડમાં ૧.૨૫ લાખનું દાન

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશભરમાં તેમજ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને મહત્વ આપવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. વળી હાલની પરિસ્થિતિમાં વધતા જતાં રાસાયણિક ખાતરોના ભાવ તેમજ તેનાથી થતા નુકશાનથી જમીનને સુધારવાના હેતુથી ભારત કૃષિકેર કંપની દ્વારા "શ્રીફોસ" નામની પ્રાકૃતિક ખાતરની પ્રોડક્ટ લોન્ચ કરવામાં આવી છે જેના એક વેચાણમાંથી પ્રતિ બેગ દીઠ રૂપિયા પાંચનો ફાળો કંપની દ્વારા ભારતીય લશ્કરના જવાનો માટે દાન કરવામાં આવે છે જે અંતર્ગત આજે એકત્રિત દાનનો પ્રથમ હપ્તો ગાંધીનગરમાં હોટલ લીલા ખાતે યોજાયેલા સેમિનારમાં કંપનીના ડાયરેક્ટર અને જાણીતા ઓર્થોપેડિક તબીબ ડો. ભરત પટેલ દ્વારા "આર્મી વેલ્ફેર ફંડ"માં રૂ.૧.૨૫ લાખના ચેકથી આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે એમડી ડૉ. ભરત પટેલ અને કંપનીના ડાયરેક્ટર ફનીન્દ્ર ભૂષણ, ડાયરેક્ટર ભરત પટેલ અને સમીર અમીન દ્વારા આ પ્રસંગે કંપનીના અગ્રણીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું ત્યારબાદ એક ડેલિગેશન દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી ખેડૂતો માટે વિકસલક્ષી આયોજન અંગે રજૂઆત કરવામાં આવી હતી.

સરકારી વાણિજ્ય કોલેજ સેક્ટર ૧૫માં વાર્ષિક શિબિરનું આયોજન

ગાંધીનગરના એનએસએસ યુનિટ દ્વારા તારીખ ૧૦થી ૧૬ દરમિયાન ગામ વાસણા ચૌધરી મુકામે વાર્ષિક શિબિર નું આયોજન કરેલ હતું. સમગ્ર વાર્ષિક શિબિર નું આયોજન પ્રોગ્રામ ઓફીસર પ્રો. મનસુખ રાઠોડ તેમજ શ્રી ભાવિકભાઈ ચૌધરી દ્વારા આચાર્ય ડૉ.એ.એન.સુતરીયા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું. આ વાર્ષિક શિબિર અંતર્ગત ગ્રામજનોને જાગૃત કરવાના તેમજ સામાજિક સેવાના હેતુસર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ હતું. જેમાં વ્યસન મુક્તિ અભિયાન, ગામ સાફ સફાઈ, પ્લાસ્ટિક મુક્ત અભિયાન, પાણી બચાવો અભિયાન, અંધશ્રદ્ધા નિવારણ, વૃક્ષારોપણ, કન્યા કેળવણી તેમજ કોમ્પ્યુટર અંગેનું બેઝિક જ્ઞાન આપવામાં આવ્યું હતું.

સમગ્ર ગ્રામજનો માટે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર દ્વારા હેલ્થ ચેકઅપ અને આઈ ચેકઅપ નું આયોજન કરેલ હતું તેમજ ગામના છોકરાઓ ને વિસરતી જતી રમતો રમાડી ને પ્રોત્સાહક ઈનામ પણ આપવામાં આવેલ. એન.એસ.એસ.ના છેલ્લા દિવસે સાંસ્કૃતિક પ્રોગ્રામ નું પણ આયોજન સફળતાપૂર્વક કરેલ હતું. આ વાર્ષિક શિબિર દરમિયાન આદર્શ પ્રાથમિક શાળા વાસણા ચૌધરી તેમજ સરપંચ ઈશ્વરભાઈ પટેલ અને સમગ્ર ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને સાથ સહકાર આપ્યો હતો. આ વાર્ષિક શિબિર દરમિયાન કોલેજના સમગ્ર સ્ટાફે પણ સાથ સહકાર આપ્યો હતો.

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજનો વાર્ષિક દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા આજરોજ કોલેજનો વાર્ષિક દિન અને ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભનું આયોજન શેઠ ખીમજી વિશ્રામ હોલ ખાતે સવારે ૯ થી ૧ દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં સમારંભ અધ્યક્ષ તરીકે ડૉ. કપીલ ત્રિવેદી, ડાયરેક્ટર-ફેકલ્ટી ઓફ કોમર્સ, કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને મુખ્ય મહેમાન તરીકે ગાયત્રી પંચાલ, એંકર અને પ્રોડ્યુસર ગુજરાત સમાચાર ટીવી ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક ઉદ્બોધનમાં કોલેજના આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ ઉપસ્થિત મહેમાનોને તથા વિદ્યાર્થીઓને આવકારીને સમગ્ર વર્ષ દરમ્યાન કોલેજે કરેલી પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા હતા.

કાર્યક્રમમાં સમગ્ર વર્ષ દરમિયાન સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ જેમ કે બેસ્ટ સ્ટુડન્ટ, ગ્લીટરિંગ સ્ટાર્સ, બેસ્ટ વોલન્ટીયર એવોર્ડ અને સ્પોર્ટસ તથા એનએસએસમાં ઉજ્જવળ દેખાવ કરનારા વિદ્યાર્થીઓને પણ ટ્રોફી ને મેડલથી સન્માનવામાં આવ્યા હતા. એફ.વાય.બી.કોમ. અને એસ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામ ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભ નિમિત્તે રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવી હતી જ્યારે સફળ આયોજન અને સંચાલન ડૉ. રણછોડ રથવી, ડૉ. સમીર પંડ્યા, ડૉ. સોનલ લેન્ડે અને આસિસ્ટન્ટ પ્રોફેસર દિવ્યા રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રેયસ સોસાયટીમાં લીલાબેન ચોધરી દ્વારા એક દિવસીય પીકનીકનું આયોજન મહિલાઓ માટે કર્યુ હતું જેમાં ફરવાનો આનંદ લીધો હતો અને સાથે સાથે ભાજપના ખેસ પહેરી ફોટા લીધાં હતાં.

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા ૨૦મીએ આનંદના ગરબાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

માં મેલડી આનંદ ગરબા મંડળ સે. ૩-સી ના મધુબેન કે. કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો નયનાબેન શંભુભાઈ કોરી દ્વારા આનંદનો ગરબો યોજાશે. જે શિર રણછોડરાયનગર, ઉમા ટેનામેન્ટની બાજુમાં, ચાંદલોડીયા, અમદાવાદ ખાતે ૨૦ માર્ચે બપોરે ૨ થી ૫ કલાકે યોજાશે. સર્વે ભક્તોએ પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે.

ઉદ્ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉદ્ગમ સૂરોત્સવ-૨ નું ૧૮મીએ આયોજન

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત સાહિત્ય અકાદમી, ઉદ્ગમ ટ્રસ્ટ તેમજ આર્ક ઈવેન્ટ આયોજીત ભારતના પ્રખ્યાત શાયરોની ગઝલનો કાર્યક્રમ ૧૮મીએ યોજાશે. જે સવારે ૮.૩૦ વાગે ઓડિટોરિયમ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્ચ એજ્યુકેશન, સે. ૧૫ ખાતે યોજાશે.

ખરણા પ્રાથમિક શાળાના જન્મદિવસની ઉજવણી

ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત માણસા તાલુકાની અમરપુરા ખરણા પ્રાથમિક શાળાનો જન્મદિવસની ઉજવણી કરવા અંતર્ગત માણસા તાલુકાની અમરપુરા ખરના પ્રાથમિક શાળામાં જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જે કાર્યક્રમમો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્ચનાબેન પ્રજાપતિ , તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ધર્મેન્દ્ર સિંહ રાઠોડ બી.આર.સી કો ઓર્ડીનેટર સતીશભાઇ પરમાર માણસા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ, ગામના સરપંચ પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય પૂર્વ વિદ્યાર્થીઓ ગામની અગ્રણી વ્યક્તિઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા જન્મદિવસ નિમિત્તે શાળાના તમામ વિદ્યાર્થીઓને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું.

આ સિવાય ગામના અન્ય દાતાઓ દ્વારા શાળાના તમામ વિદ્યાર્થીઓને સ્કુલ બેગ,ચોપડા,ભોજન ડિશ ,પેડ અને શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી.જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી શાળાના વિદ્યાર્થીઓ સાથે કેક કાપી જન્મદિવસની ઉજવણી કરી હતી આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય બળદેવભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

દહેગામ ભાજપ મહિલા મોરચાએ કેક કાપીને સી.આર.પાટીલનો જન્મદિવસ ઉજવ્યો

આજે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના જન્મ દિન નિમિત્તે દહેગામ શહેર મહિલા મોરચા તરફથી દહેગામ ભાજપ કાર્યાલયમાં કેક કટીંગ કરી ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા મોરચાના મંત્રી હેમાબેન પટેલ, જિલ્લા મહિલા મોરચાના મહામંત્રી તાજબેન, દહેગામ શહેર મહિલા મોરચાના ઉપપ્રમુખ આશાબેન મિર, મહામંત્રી કુ.દર્શનબા રાજપૂત, કોષાધ્યક્ષ જાનવીબેન બ્રહ્મભટ્ટ ઉપરાંત નગરપાલિકાના અધ્યક્ષ પીનલબેન તથા નગરસેવક વૈશાલીબેન ઉપસ્થિત રહ્યાં હતાં.